Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708

Vol. 10, Issue: 128, October, 2023
Paper ID: RRJ728253
https://www.researchreviewonline.com

Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-128-october-2023/RRJ728253

# યુદ્ધ સમયે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના લોક કાર્યો

રજુકર્તા
ગઢવી પ્રતીક અનિલભાઈ
સંશોધન છાત્ર, ઈતિહાસ વિભાગ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી, જુનાગઢ

**ઈ.સ. ૧૯૬૨માં ચીન આક્રમણ વખતે પીડિતોને સહાય :**

મળતી માહિતી પ્રમાણે ચીનની યુદ્ધની પૂર્વતૈયારીની પણ ગુરૂજીએ સરકારને જાણ કરી હતી. સન ૧૯૫૪થી લડાખના ક્ષેત્રમાં બનેલા રસ્તા ઉપર ભારે વાહનોની અવરજવર શરૂ થઈ ગઈ હતી. આ ઉપરાંત ગુરૂજીએ ભારતે પ્રારંભથી જ તિબેટ ઉપર ચીનનું પ્રાભુત્વ સ્વીકાર્યું તે મોટી ભૂલ કરી છે. તેવી વાત કરીને સરકારને ચેતવવાની કોશીશ કરી હતી.[૧૨]

આ ઉપરાંત ચીન આક્રમણ સમયે અરૂણાચલ પ્રદેશમાં બોમડીલા પાર કરી ચાર દ્વાર તથા મિસામારી તરફ ચીની સેના આગળ વધી ત્યારે તેજપૂરના આખાય પ્રશસનતંત્રને કાનુડેકા, પદ્મપ્રદાસદાસ, પદમિનીકાંત સેનાપતિ નામના સંઘના સ્વયંસેવકો અને તેમના કેટલાક સાથીઓએ મજબૂતીથી ચીની સેનાનો સામનો કરવા ભારતીય સેનાને સહાયપુરી પાડી હતી. આમ શ્રી ગુરૂજીના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવકો આસામ સિવાય અન્યત્ર સ્થળો પર પણ ભારતીય લશ્કરને સહાયભૂત બન્યા હતા. [૧૩]

ઈ.સ. ૧૯૬૨નાં ચીની આક્રમણ વખતે સંઘ વિભિન્ન પ્રકારના સહાયતા કાર્યોમાં લાગી ગયો હતો. આ ઉપરાંત શ્રી ગુરૂજીના માર્ગદર્શન હેઠળ સંઘના સ્વયંસેવકો સેનાના જવાનોને જીવ હોડમાં મૂકીને પણ સહાયતા કરી હતી.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની આ રાષ્ટ્રભાવના અને સેવાભાવના જોઈએ તત્કાલીન વડાપ્રધાન સ્વ.શ્રી જવાહરલાલ નહેરુ એટલા પ્રભાવિત થયા હતા કે તેઓએ ૨૬ જાન્યુઆરી ૧૯૬૩ના ગણતંત્ર દિવસના સમારોહમાં સામેલ થવા માટે સંઘની એક ટુકડીને આમંત્રિત કરી હતી.

આમંત્રણ ફક્ત બે દિવસ પહેલા મળ્યું હતું, તો પણ પરેડમાં ૩૦૦૦ વધુ સ્વયંસેવકોએ પૂર્ણ ગણવેશમાં સ્ફૂર્તિથી ભાગ લીધો હતો. તેમનું વિશાળ તથા ભવ્ય પથ સંચાલન તો વાસ્તવમાં કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ બની ગયું હતું પછી જ્યારે કેટલાક કોગ્રેંસીએ સંઘને આપવામાં આવેલ આમંત્રણની ટીકા કરી તો પંડિત નહેરુએ આ

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708
Vol. 10, Issue: 128, October, 2023
Paper ID: RRJ728253
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-128-october-2023/RRJ728253

ટીકાને એવી રીતે ઉડાવી દીધી કે સમસ્ત દેશભક્ત નાગરિકોને પરેડમાં ભાગ લેવાનું આમંત્રણ આપવામાં આવ્યું હતું. (૧૪)

**ભારત-પાકિસ્તાન યુદ્ધ (૧૯૬૫) વખતે સંઘના વિવિધ સેવાકાર્યો :**

ઈ.સ. ૧૯૬૫માં ભારત પાકિસ્તાન યુદ્ધનો આરંભ થયો ત્યારે સ્વ. શ્રી લાલબહાદુર શાસ્ત્રી ભારતના પ્રધાનમંત્રી હતી. તેઓએ શ્રી ગુરૂજીને ફોન કરીને અનુરોધ કર્યો કે તેઓ બીજે દિવસે દિલ્હીમાં થનારી સર્વપક્ષીય મંત્રણા સમિતિની બેઠકમાં ભાગ-લે અને શ્રી ગુરૂજી બેઠકમાં હાજર રહ્યા હતા.

યુદ્ધમાં પાકિસ્તાને જે વસ્તીઓ ઉપર બોંમ્બવર્ષ કરી તેનાથી સૈનિકો સિવાયના નાગરિકોને પણ હાનિ થઈ હતી. સીમાવર્તી નાગરિકોને સહાયતા પહોંચાડવા માટે મુંબઈથી તા. ૧૮-૧૧-૧૯૬૫ના રોજ શ્રી ગુરૂજીએ કહ્યું હતું કે,

“યુદ્ધની સ્થિતિનો સામનો કરવા માટે શાસન, સૈનિક તથા સમાજ ત્રણેય સિદ્ધ થાય છે. આવશ્યક સહાયતા પહોંચાડવા માટે સમાજે જે તત્પરતા બતાવી છે તે અભિનંદનીય છે. પરંતુ આ યુદ્ધને કારણે સીમાવર્તી નાગરિકોને બહુજ મુશ્કેલીઓ ઉઠાવવી પડી છે. આ સમયે તેમના બધા પ્રકારની સહાયતા કરવા માટે શીઘ્ર આગળ આવવું આપણા સૌનું કર્તવ્ય છે.[૧૫]

ગુરૂજીની આજ્ઞા અનુસાર યુદ્ધના સમગ્ર કાળ (૨૨ દિવસ)માં દિલ્હીમાં યાતાયાત નિયંત્રણ જેવું પોલીસ કાર્ય સ્વયંસેવકોને સોંપી દેવામાં આવ્યું જે સ્વયંસેવકોએ સારી રીતે પાર પાડ્યું હતું.

સેના અધિકારીના એક ફોન ઉપર ૫૦૦ સ્વયંસેવકો રક્તદાન માટે મિલટરી હોસ્પીગલ પહોંચી ગયા હતા. હોસ્પિટલના નિયમ અનુસાર રક્તદાન પછી દરેક સ્વયંસેવકોને રૂા. દસ આપવામાં આવ્યા હતા. પરંતુ સ્વયંસેવકો આ રૂપિયા પાછા આપીને જણાવ્યું કે જેનો સદુપયોગ ઘાયલ જવાનો માટે કરવામાં આવે.

અમૃતસરના સંઘ સ્વયંસેવકોએ સીમાના એવા ક્ષેત્રમાં ચાર કેન્દ્રિનો ખોલી જ્યાં શત્રુનું તોપખાનું ગોળા વરસાવતું હતું.

**સૌરાષ્ટ્ર (ગુજરાત)માં યુદ્ધ સહાય :**

ગુજરાતમાં ખાસ કરીને સૌરાષ્ટ્રમાં દ્વારકા પાસે ઓખામાં કાર્યરત એક સંઘ સ્વયંસેવકે બે સેબર જેટ વિમાન તોડી પાડ્યા હતા. તે વિમાનો પોરબંદર પર બોંમ્બમારો કરવા માટે નીચું ઉડ્ડયન કરી રહ્યા હતા.સેનાના જવાનો એ તે સ્વયંસેવકની ખૂબ પ્રશંસા કરી તો તેણે સાચા સ્વયંસેવકની માફક કહ્યું “મેં તો કેવળ મારા કર્તવ્યનું પાલન કર્યું છે.”[૧૬]

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708
Vol. 10, Issue: 128, October, 2023
Paper ID: RRJ728253
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-128-october-2023/RRJ728253

ઈ.સ. ૧૯૬૫ના યુદ્ધ સમયે સૌરાષ્ટ્ર કચ્છમાં ભારે હાનિ પહોંચી હતી. ખાસ કરીને સૌરાષ્ટ્રમાં જામનગર ઉપર પકિસ્તાને બોમ્બ ફેક્યો ત્યારે પ્રચંડ વિધ્વંસ થયો હતો. તુરત જ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવકો એ સ્થળ ઉપર પહોંચીને રાહત કાર્ય શરૂ કરી દીધું હતું. સ્વયં ગુરૂજીએ પણ જામનગરની મૂલાકાત લીધી હતી. [૧૭]

આ ઉપરાંત તે સમયે તાશ્કંદ કરાર થયો ત્યારે શ્રી ગુરૂજી એ એમ પણ કહ્યું કે "ભારત ઉપર પાકિસ્તાને હુમલો કર્યો છે." તેથી રોજિંદા લગભગ ૨૫(પચ્ચીસ) કરોડ ખર્ચની પાકિસ્તાને ભરપાઈ કરવી જોઈએ તેમજ જે હિંદુઓ ભારતમાં પરત આવ્યા છે તેમને પણ વળતળ ચૂકવવું જોઈએ. [૧૮]

આવી રીતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે સમયે સમયે દેશ ઉપર જ્યારે પણ કુદરતી કે માનવસર્જીત આફત આવી છે. ત્યારે સદૈવ પોતાનું કર્તવ્ય નિભાવીને દેશને મદદરૂપ નીવડ્યું છે.

**ઈ.સ. ૧૯૭૧ના ભારત-પાક યુદ્ધ વખતે :**

તારીખ ૩જી ડીસેમ્બર ઈ.સ. ૧૯૭૧ના રોજ યુદ્ધની ઘોષણા થઈ ગયા પછી ૪ ડીસેમ્બરના રોજ નાગપૂરથી ગુરૂજીએ એક નિવેદનમ પ્રકાશિત કર્યું હતું. જેમાં કહેવામાં આવ્યું હતું કે,

"રાષ્ટ્રહિત સર્વોપરી છે. અને વ્યક્તિ, દળ વગેરેના વિચારો ગૌણ છે. એટલા માટે આજે જ્યારે આપણા રાષ્ટ્રને યુદ્ધની સ્થિતિમાં ખેંચવામાં આવ્યું છે ત્યારે પ્રત્યેક સ્વયંસેવક અને સંઘપ્રેમી વ્યક્તિ દ્વારા વ્યક્તિના નાતે તથા સંઘના નાતે દેશની રક્ષાના બધા કાર્યોમાં સરકારને મનઃપૂર્વક સાયતા કરવી એ સ્વભાવીક છે."

આ નિવેદનની લાખો નકલો સ્વયંસેવકો એ ઘેર ઘેર પહોંચાડી અને સમાજસેવી સંસ્થાઓ તથા વ્યક્તિઓની સાથે સહકાર્ય કરતાં રાષ્ટ્રરક્ષાના પ્રયત્નોમાં લાગી ગયા હતા.

પહેલાની જેમ આ યુદ્ધકાળમાં પણ સ્વયંસેવકોએ સંપૂર્ણ રાજસ્થાન, ઉત્તર પંજાબ, જમ્મુ, ઉત્તરપ્રદેશ, બિહાર, બંગાળમાં અધિકારીઓને પોતાની સેવા અર્પિત કરી હતી. અને દરેક પ્રકારના નાગરિક સહયોગમાં લાગી ગયા હતા. આ ઉપરાંત ઉત્તરપ્રદેશમાં તો જનજાગરણનો નિરમિત કાર્યક્રમ ચલાવવામાં આવ્યો હતો. [૧૯]

દિલ્હીમાં રેડીયો કોલોનીમાં પ્રસારણ તથા અન્ય મહત્વપૂર્ણ પ્રતિષ્ઠાનો તથા નજીરાબાદના જળાશયના રક્ષણ માટે કિંઝવે કેમ્પ પોલીસ થાણાના અધિકારીઓએ સ્વયંસેવકોની સેવાપ્રાપ્ત કરી હતી. તો ૭ ડીસેમ્બર ૧૯૭૧ના રોજ જ્યારે પાકિસ્તાની વિમાનો એ રાજસ્થાનના બાડમેર રેલ્વે સ્ટેશન ઉપર બોંમ્બમારો કર્યો ત્યારે ૪૦-૪૫ સ્વયંસેવકો તરત જ તે ખતરનાક સ્થળે પહોંગી ગયા હતા. પેટ્રોલના પીપોથી લદાયેલી એક માલગાડીમાં આગ લાગી શકતી હતી. સ્વયંસેવકો એ થોડા થોડા સમયે થતા રહેલા બોમ્બમારાની ચિંતા કર્યા વિના પીપો હટાવીને સુરક્ષિત સ્થાનો પર પહોંચાડી દીધા હતા. [૨૦]

આ ઉપરાંત દેશમાં અનેક સ્થળોએ સંઘના સ્વયંસેવકો એ હોસ્પિટલોમાં ઘાયલ જવાનોની દેખરેખ રાખવાનું

Research Review
The Refereed Peer Reviewed
International Journal
ISSN: 2321-4708
Vol. 10, Issue: 128, October, 2023
Paper ID: RRJ728253
https://www.researchreviewonline.com
Publishing URL: https://www.researchreviewonline.com/issues/volume-10-issue-128-october-2023/RRJ728253

કામ કર્યુ હતું. ઘાયલ જવાનો માટે ફળો અને દૈનિક વપરાશની ચીજોથી અનેક વખત લશ્કરી હોસ્પીટલો છલકાવી દીધી હતી.

આ ઉપરાંત ઈ.સ. ૧૯૫૨માં બંગાળમાં રચાયેલી વાસ્તુહારા સહાયતા સમિતિને પુર્નજીવિત કરાઈ હતી. એપ્રિલ-૧૯૭૧ થી તેણે મોટા પાયે રાહતકાર્ય શરૂ કર્યુ હતું. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવકોએ સમગ્ર દેશમાંથી પૂર્વ બંગાળના વિસ્થાપિતો માટે નાણાં અને કપડાં એકઠા કર્યા હતા. આ ઉપરાંત દેશના આગેકૂચ કરતાં સૌન્યોના માર્ગમાં મફત કેન્ટિનો ચલાવવાની કામગીરી પણ શરૂ થઈ હ તી.

પાકિસ્તાની લશ્કરના હેવાનિયતભર્યા અત્યાચારોથી પરેશાન થયેલા હજારો બાંગ્લાદેશી મુસલમાનો પણ આ વિસ્થાપિતોમાં હતા. સ્વયંસેવકોની સુસંગઠીત ટુકડીઓ જે ઝડપથી તંબુ, વાસણો, ખાદ્યન્ન, કપડાં વગેરે લઈ આવતી હતી. તે જોઈને સરકારી અમલદારો મોંમા આંગળાં નાખી જતા હતા. આ ઉપરાંત આ અધિકારીઓ એ આવા વધુ કેન્દ્રો ખોલવા આમંત્રણ આપ્યું હતું. એ પછી સત્વરે ૩૫૦૦ લોકોની સંભાળ લેવાતી થઈ ગઈ હતી.(૨૧)

આમ સંઘે સમય સમય પર અન્ય દેશોના આક્રમણ વખતે મુશ્કેલીમાં મુકાયેલા દેશબંધુઓને કોઈપણ જાતના ભેદભાવ વગર તુરંત જ સહાય કાર્ય પુરૂ પાડ્યું હતું. તેમજ પુર્નવસનમાં પણ સહાય કરી હતી.

અન્ય દેશોના આક્રમણ વખતે મુશ્કેલીમાં મુકાયેલા દેશબંધુઓને કોઈપણ જાતના ભેદભાવ વગર પુનઃસ્થાપિત થવા માટે મહત્વપૂર્ણ સહાયતા કરેલ હતી.

સંદર્ભ:

(૧૨) ડૉ. કૃષ્ણ કુમાર બવેજા - શ્રી ગુરુજી વ્યક્તિત્વ અને કૃતિત્વ. પૃષ્ઠ નં. ૧૨૪
(૧૩) ભિશીકર ચં. પ. - નવયુગ પ્રવર્તક શ્રી ગુરૂજી. પૃષ્ઠ નં. ૧૯૦-૧૯૧. લોકકૃતિ પ્રકાશન - લખનૌ.
(૧૪) એજન. પૃ. ૧૯૦-૧૯૧.
(૧૫) સંકલ્પ - પૃષ્ઠ નં. ૨૧, નવી લિલ્હી - સુરુચિ પ્રકાશન.
(૧૬) શેષાદ્રિ હો. વે. - કૃતિરૂપ સંઘદર્શન. પૃષ્ઠ નં. ૩૦-૩૨, પ્રકાશન વર્ષ - ૨૦૦૩
(૧૭) મધુભાઈ ભટ્ટની રૂબરૂ મુલાકાત - સંઘ કાર્યાલય રાજકોટ.
(૧૮) બવેજા કૃષ્ણકુમાર - શ્રી ગુરૂજી વ્યક્તિત્વ અનેકૃતિત્વ. પૃષ્ઠ નં. ૧૩૭.
(૧૯) શ્રી ગુરૂજી સમગ્ર દર્શન - ખંડ - ૬ પૃષ્ઠ નં. ૨૦૫-૦૭. ભારતીય વિચાર સાધના - નાગપુર
(૨૦) ડૉ. કૃષ્ણકુમાર બવેજા - વ્યક્તિત્વ અને કૃતિત્વ. પૃષ્ઠ નં. ૧૩૯-૪૦.
(૨૧) શેક્ષાદ્રિ હો.વે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સમયની એરણે. પૃષ્ઠ નં. ૩૫-૩૬.